# શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુર

પરિપત્ર નં.૫૯/બેંકિંગ/૫

વિષય:– થાપણ ખાતા વ્યવહાર નિયમોમાં ફેરફાર બાબત.

આથી બેંકના તમામ જુની.બ્રાન્ચ મેનેજરશ્રી / બ્રાન્ચ મેનેજરશ્રીઓને જણાવવાનું કે, બેંકના પરિપત્ર નં.૫૧/બેંકિંગ/૧૯ તા.૧૧–૦૧–૨૦૧૦ મુજબ થાપણ ખાતા વ્યવહાર નિયમોમાં ફેરફાર કરેલ તેમાં બેંકની વહીવટી અનુકુળતાને લક્ષમાં લઈ તા.૦૧–૦૭–૨૦૧૭ થી નીચેના નિયમો અમલમાં મુકવાનું નકકી કરવામાં આવે છે.

૧. વ્યકિત ચાલુ ખાતા તથા બચત ખાતા માટે :–

(અ) સામેલ લીસ્ટ મુજબની શાખાઓમાં તા.૦૧–૦૭–૨૦૧૭ થી વ્યકિત ચાલુ તેમજ બચત ખાતામાં એવરેજ બેલેન્સ રાખવાનું રહેશે. જે ખાતામાં એવરેજ બેલેન્સ રાખવામાં નહી આવે તો ત્રિમાસિક ધોરણે (જુન, સેપ્ટેમ્બર, ડીસેમ્બર તથા માર્ચ) રૂા.૨૫/– અંકે રૂપિયા પચ્ચીસ પુરા સીસ્ટમ ચાર્જ + સર્વિસ ટેક્ષ વસુલ કરવામાં આવશે.

(બ) ખાતામાં બેલેન્સ ઓછુ હોવાના કારણે ચેક રીટર્ન થશે તો ચેકદીઠ રૂા.૧૦૦/– +(સર્વિસટેક્ષ સરકારના નિયમ મુજબ) ખાતેદારના ખાતે વસુલ કરી શાખાના BGL No.96745 ખાતે રકમ જમા લેવી તથા સર્વિસ ટેક્ષની રકમ સર્વિસ ટેક્ષ પેએબલ ખાતે જમા લેવી.

નોંધ :– શાખાના તમામ ખાતેદારને એવરેજ બેલેન્સ રાખવાની જાણ કરવાની રહેશે. બેઝીક જુનીયર સેવિંગ એકાઉન્ટસમાં ચાર્જ લેવામાં આવશે નહી. ચાર્જની વિગત નોટીસ બોર્ડ ઉપર લગાવવી.

મીનીમમ બેલેન્સ નીચે મુજબ રાખવાનું રહેશે.

| શાખા | ચાલુ ખાતા | બચત ખાતા |
|---|---|---|
| તમામ | રૂા.૫૦૦૦/– | રૂા.૧૫૦૦/– |